# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫૪ તા.૭-૨-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૨૧-૦૨-૧૭ 'માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- એસ.એસ.એ./એમ. એન્ડ ઈ./૨૦૧૭/૩૩૯૬-૩૪૩૩ તા.૩૦-૧-૧૭.

આથી તમામ મ્યુનિ. શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે,તા.૨૧-૦૨-૧૭ ના દિવસને 'માતૃભાષા દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.

- વિદ્યાર્થીઓને આપણાં દેશની અલગ અલગ ભાષાની જાણકારી આપવી.
- વિદ્યાર્થીઓને માત્ર માતૃભાષાની જ નહિં પરંતુ અન્ય ભારતીય ભાષાઓ પણ સમજી શકે.
- ભારતના અન્ય રાજયોની સાંસ્કૃતિક, સાહિત્ય સમજે ક્રાફટ, વિષય વસ્તુ તેમજ સર્જનાત્મક અભિવ્યક્તિની સમજ કેળવી શકે.
- પોતાની માતૃભાષા(ગુજરાતી/હિન્દી/ઉર્દૂ/મરાઠી/તામિલ/સિંધી) ઉપરાંત અન્ય ભાષાઓની પણ સમજણ મેળવે તે જરૂરી છે.
- વિદ્યાર્થીઓ દ્વારા જૂથ ચર્ચા, વકતૃત્વસ્પર્ધા, સંગીત,નાટ્યપ્રદર્શન, રંગકામ, ચિત્રકામ, ઓનલાઈન સ્ત્રોતો વગેરે પ્રવૃત્તિઓ થકી કાર્યક્રમની ઉજવણી કરવાનો મુખ્ય આશય છે.

ઉપર મુજબના હેતુઓ ધ્યાનમાં લઈ આપની શાળામાં ઓછામાં ઓછી બે માતૃભાષાઓમાં બાળકોને જ્ઞાન,જાણકારી આપવાનું રાખશો તેમજ તે વિષયક પ્રવૃત્તિઓની ઉજવણી કરવાની રહેશે. શાળા કક્ષાએ થયેલ કાર્યક્રમ ઉજવણીનો અહેવાલ ફોટોગ્રાફ તા.૨૫-૨-૧૭ સુધીમાં સી.આર.સી.કો.ઓર્ડિનેટરને ઈ-મેઈલ દ્વારા મોકલી આપશો. સી.આર.સી.કો.ઓર્ડિનેટરએ સમગ્ર ક્લસ્ટરની શાળાઓની માહિતીનું એકંદરીકરણ કરી તા.૨૭-૨-૧૭ ના રોજ યુ.આર.સી. કક્ષાએ મોકલી આપવી. ભારત સરકારને માહિતી આપવાની હોઈ આ માહિતે અગ્રિમતા આપવી.

તા.૭-૨-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી